Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વિષય : અનુસ્નાતક અભ્યાસમાં ઓનલાઈન કાર્યભારની મંજુરી બાબત.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં અનુસ્નાતક અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરાવવા અને શૈક્ષણિક કાર્યભારનું મહેન્તાણું નિયમિત ધોરણે મંજુર કરવા આર્ટસ, કોમર્સ અને વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીઓની રજૂઆત કરેલ છે. ઓનલાઈન અનુસ્નાતક કાર્યભારની રજૂઆત ધ્યાને લઈ માન. કુલપતિશ્રી દ્વારા રાજ્ય સરકારશ્રીની શિક્ષણ વિભાગની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કોવીડ –૧૯ ની પેન્ડેમીક પરિસ્થિતી ધ્યાને લઈ ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરાવવાની માર્ગદર્શિકા ધ્યાને લઈ રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગની / યુનિવર્સિટીની શૈક્ષણિક કાર્ય નિયમિત ધોરણે કોલેજોમાં શરૂ કરવા બાબતે નવી માર્ગદર્શિકા જાહેર ન થાય તે સમય સુધી અનુસ્નાતક કાર્યભારના નિયમાનુસાર મંજુર થયેલ પ્રતિ લેકચર દિઠ રૂા. ૩૦૦/– દરે યુનિવર્સિટી કાર્યાલયના ક્રમાંક : પીજી / અનુ. કાર્યભાર / ૮૦૨૧ / ૨૦૨૦, તા. ૧૭ –૯ – ૨૦૨૦ની અનુસ્નાતક કાર્યભારની (યુનિવર્સિટી વેબસાઈટ પર અપલોડ કરેલ પરિપત્ર મુજબ) મંજુરી મુજબ ઓનલાઈન અનુસ્નાતક કાર્યભારની ફાળવણી સાથે અનુસ્નાતક કાર્યભારના મહેન્તાણાની મંજુરી આપવામાં આવે છે.

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન યુનિવર્સિટી માન્યતાપ્રાપ્ત અધ્યાપકની અનુસ્નાતક કાર્યભાર માટે મંજુરી મેળવેલ હોય તે જ અધ્યાપકોને ઓનલાઈન અનુસ્નાતક કાર્યભારની ફાળવણી કરવાની આથી જાણ કરવામાં આવે છે.

ક્રમાંક : પીજી / અનુ. કાર્યભાર / ૮૦૨૧ / ૨૦૨૦
તા. ૧૭– ૯ – ૨૦૨૦

ઈ. ચા. કુલસચિવ

પ્રતિ,

(૧) વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રી,

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રી,

નકલ સવિનય રવાના :

ઈ. ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

Scanned with CamScanner